ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ડો. પરાગી જશવંત ગાંધી
વાઈસ પ્રેસીડેન્ટ, જુનિયર ચેમ્બર, ગાંધીનગર
ફોન : ૨૩૨૨૨૩૭૦
મો. ૯૮૨૫૫ ૬૩૯૯૦



ઋજિત એમ રાવલ
મો. ૯૭૨૪૫ ૦૭૦૦૫



પ્રફુલ્લ મહેતા
મંત્રી, ગાંધીનગર વૈષ્ણવ સમાજ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજનાં વિદ્યાર્થી

# સિદ્ધાર્થસિંહ રાઠોડના પુસ્તક "દીકરી"નું વિમોચન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વરદ હસ્તે







## રાષ્ટ્રીય કક્ષાએ બીબીએ કોલેજના તેજસ્વી તારલાઓ જય સુથાર, નીખીલ ચૌહાણ, કેવલ ભટ્ટ, ભૂમિકા પટેલ, તેજશ પટેલ, ગૌરાંગ વૈધ, જોહન હિમાની, અંજન, પ્રણવ જોષી જેવા અનેક વિદ્યાર્થીઓએ વિવિધક્ષેત્રે સિદ્ધિઓ થકી ખ્યાતી પ્રાપ્ત કરી છે

ગાંધીનગર, તા. ૨૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીશટ્રેશન (બીબીએ) કોલેજના ઉત્સાહી તેમજ હોનહાર વિદ્યાર્થી સિદ્ધાર્થસિંહ રાઠોડને રાજ્યનાં યુવા કવિનું બિરુદ પ્રાપ્ત થયું છે. તેમના દ્વારા લિખિત કાવ્યપુસ્તીકાનું વિમોચન મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યું તેમજ રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીજી દ્વારા પણ યુવા કવિનું સન્માન કરવામાં આવ્યું.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સિદ્ધાર્થને કિશોરાવસ્થામાં જ પ્રથમ વખત લખેલ પુસ્તિકા માટે બિરદાવવામાં આવ્યો હતો અને ઉત્તરોત્તર જુદા-જુદા વિષયો પર સુંદર કાવ્ય લેખનકાર્ય કરતા રહેવાની પ્રેરણા આપવામાં આવી હતી જેનાથી ઉત્સાહિત થઈ સિદ્ધાર્થનું લેખન સોળે કળાએ ખીલી ઉઠ્યું છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય નાં પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ દ્વારા સિદ્ધાર્થને તેની સિદ્ધિ બદલ ઉમળકાભેર વધાવી અભિનદન પાઠવી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. તેમણે તમામ કાવ્યોનું બારીકાઈથી અવલોકન કરી ૧૦૦ પુસ્તિકાઓ સંસ્થા દ્વારા ખરીદી તમામ લાયબ્રેરીમાં સમાવેશ કરી અન્ય વિદ્યાર્થીઓ તેમાંથી પ્રેરણા મેળવે તેવા પ્રયત્નો કરવાનું સૂચન કોલેજને કર્યુ હતું.



બીબીએ કોલેજ તેના સ્થાપનાકાળથી વિદ્યાર્થીઓને કોર્પોરેટ ક્ષેત્રનાં આવશ્યક કૌશલ્યો નિખારવા અવિરત પ્રયત્નશીલ રહે છે. અમારી કોલેજના વિદ્યાર્થી સંચાલકીય આવડત સાથે રાજ્ય અને સમગ્ર દેશમાં હંમેશાં ઝળકી ઉઠે છે.

- ડૉ. રમાકાંત પૃષ્ટિ
આચાર્ય, બીબીએ કોલેજ

ઉલ્લેખનીય છે કે કોલેજ તરફથી સિદ્ધાર્થની પ્રતિભાને નિખારવા માટે તેને સતત માર્ગદર્શન આપવામાં આવતું તેમજ તેનું ગુજરાતી શબ્દ ભંડોળ મજબુત બને તે હેતુથી એક કમ્પ્યુટર પણ ફાળવવામાં આવ્યું હતું. તેનો કોલેજનાં અધ્યાપકો સાથે અવારનવાર આ બાબતે વાર્તાલાપ ગોઠવાતો અને સિદ્ધાર્થને ગુજરાતીમાં મેનેજમેન્ટ,અર્થશાસ્ત્ર તેમજ વ્યુહાત્મક સંચાલન જેવા વિષયોને ધ્યાનમાં રાખી આર્ટીકલ્સ લખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવતો અને લેખનકાર્ય માટે તાલીમ આપવામાં આવતી જેની ફલશ્રુતિરૂપે સિદ્ધાર્થ દ્વારા " માર્કેટ ઈન્સાઈટ "માં આઠ આર્ટીકલ્સ પ્રકાશિત થયા.

સિદ્ધાર્થ મેનેજમેન્ટની ડિગ્રી પ્રાપ્ત કરવા સંચાલન ક્ષેત્રે કૌશલ્ય ખીલવતો રહ્યો જયારે કોલેજનાં અધ્યાપકોએ તેનામાં રહેલી સાહિત્ય પ્રત્યેની રૂચી તેમજ શબ્દોમાં ઊંડી સુઝબુઝ અને આવડતની ઓળખ શોધી કાઢી.

ત્રણ વર્ષનાં અંગ્રેજી માધ્યમ માં બીબીએ ડીગ્રી કોર્સનાં અભ્યાંમાં પણ સિદ્ધાર્થે ફર્સ્ટ ક્લાસ સાથે સફળતા મેળવી છે. સિદ્ધાર્થે તેના અનુભવો જણાવતા કહ્યું કે હું ધોરણ૧૦ ના વેકેશન દરમ્યાન સમયનો સદુપયોગ કરીને ગુજરાત સરકારનાં પુસ્તકોનું નિયમિત વાંચન કરતો હતો. પુસ્તકો પરથી મને થયું કે હું એક નાનુ ચિત્ર સાથેનું પુસ્તક લખું. પુસ્તક લખ્યા બાદ આ પુસ્તક હું નરેન્દ્રભાઈ મોદી સાહેબને ભેટ આપવા ઈચ્છતો હતો. આ પુસ્તક અંગે તત્કાલિન મહેસૂલમંત્રી આનંદીબેન પટેલને મળીને વિગત આપી હતી. તે પુસ્તક આનંદીબેન પટેલે મુખ્યમંત્રી સુધી પહોચાડ્યુ હતું. ધોરણ ૧૧,૧૨ કૉમર્સ દરમિયાન પણ પુસ્તકો તેમજ સમાચાર પાત્રોનાં લેખ વાંચતો રહેતો હતો. ગુજરાતી માં વધારે રસ ધરાવતો હોવાથી કાવ્ય લખવાનું વિચાર્યું. ધોરણ ૧૨ બાદ કૉલેજ દરમ્યાન પણ મારું કામ ચાલુ જ રાખતો હતો. કૉલેજનાં પહેલાં વર્ષ દરમ્યાન ૧૫ કાવ્યો લખ્યાં હતાં. બાદ માં "બેટી બચાઓ" પર કૉલેજનાં ત્રણ વર્ષ દરમ્યાન બીજા કાવ્યો લખ્યાં હતાં. આમ તો મેં કોઈ પુસ્તક લખવા વિચાર્યુ નહોતું પરંતુ લખેલાં કાવ્યોને એક પુસ્તકનાં માધ્યમથી સંગ્રહતિ કરવાનો વિચાર ગમ્યો.



વિદ્યાર્થીઓની સાચી ઓળખ તેમનામાં રહેલી શક્તિઓને બહાર લાવવાથી આવે છે. અમે અધ્યાપકગણ અમારી બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ વૈશ્વિક કક્ષાએ પોતાનાં કૌશલ્યલ થકી પોતાની પ્રતિભા સ્થાપિત કરી શકે તેવા સતત પ્રયત્નો કરીએ છીએ.

- ડૉ. જયેશ તન્ના
પ્રાધ્યાપક, બીબીએ કોલેજ

તા.૨૭/૦૭/૨૦૧૫ ને મંગળવારનાં રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી નાં હસ્તે મારા દ્વારા નિર્મિત પુસ્તકનું વિમોચન થયું. તથા "યુવા કવિ" તરીકે બિરદાવવામાં આવ્યો. જે બદલ તેમનો આજીવન આભારી રહીશ.ત્યારબાદ રાજ્યનાં મહામહિમશ્રી સુધી સંદેશ પહોંચતાં તેમણે મુલાકાત માટે બોલાવ્યો હતો તેમજ તેઓ આ પુસ્તક વાંચીને ખૂબજ ખુશ થયા હતાં તેમજ આશીર્વાદ પત્ર આપ્યો હતો. ત્યાર બાદ મારી કાવ્ય લખવાની પ્રવૃત્તિ ચાલુ જ રાખી અન બીજી કાવ્ય પુસ્તિકા "દિકરી"નું નિર્માણ કર્યુ જેનું તા. ૨૩/૦૫/૨૦૧૬ને સોમવારના રોજ મુખ્યમંત્રીએ વિમોચન કર્યુ. આગામી દિવસોમાં યુવાઓને પ્રેરણા મળે અને રાષ્ટ્ર નિર્માણની પ્રવૃત્તિઓમાં યુવાઓ આગળ આવે તથા તેમને યોગ્ય મહત્વ આપવામાં આવે તે માટે "હું પણ" પુસ્તક લખવાની શરૂઆત કરી છે. ધોરણ ૧૨ પછી જ્યારે મેં ગાંધીનગરની નામાંકિત બીબીએ કોલેજ માં પ્રવેશ મેળવ્યો ત્યાર બાદ કૉલેજનાં શિક્ષકો તરફથી સતત માર્ગદર્શન મળતું રહ્યું એટલુંજ નહીં, પરંતુ કોઈ પણ વિદ્યાર્થી અન્ય કોઈ ક્ષેત્રમાં રસ દાખવતો હોય તો તેની આંતરિક પ્રતિભાને બહાર લાવવા માટે સતત પ્રેરણા અને માર્ગદર્શન અહીં આપવામાં આવે છે. મારા ત્રણ વર્ષનાં સમયગાળા દરમ્યાન કૉલેજનાં શિક્ષકો તથા પ્રોત્સાહક વાતાવરણથી હકારાત્મક કાર્ય કરવાની સતત પ્રેરણા મળતી રહી. મને ખૂબ જ આનંદ થાય છે કે મારાં બીબીએનાં અભ્યાસની સાથે સાથે પ્રથમ તથા દ્વિતીય પુસ્તકોનાં વિમોચન થયાં. ત્રણ વર્ષનાં અભ્યાસકાળ દરમ્યાન આચાર્ય ડૉ. રમાકાંત પુષ્ટિ સાહેબ હંમેશાં માર્ગદર્શન આપતા તેમજ તેમના વાત્સલ્યપૂર્ણ વ્યહવારથી અભ્યાસ તેમજ જીવનના અન્ય પ્રશ્નો પણ ખૂબ સરળતાથી હલ કરવાની પ્રેરણા મળતી રહે છે. ડૉ. જયેશ તન્ના સાહેબ હંમેશા હકારાત્મક અભિગમ તેમજ નવીનતાપૂર્ણ દ્રષ્ટિથી દરેક કાર્યને પૂર્ણ કરવા માટે માર્ગદર્શન મળ્યું છે, જે જીવન માટે ઘણું ઉપયોગી લાગે છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
એક્સ મેન (૩ડી હિન્દી)
૩.૪૫, ૯.૪૫
એક્સ મેન (૩ડી અંગ્રેજી)
૧૨.૪૫, ૬.૪૫

**સ્ક્રીન-૪**
અઝહર
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
સરબજીત
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

## સંવેદના વિભાગ

'મારા ગુરુ ગૌરવશાળી' વિષયે લખાણ માટે આગામી રવિવાર છેલ્લો છે. જે વાચકોએ હજુ સુધી પોતાના અનુભવો ન મોકલાવ્યા હોય તેઓ શનિવાર સાંજ સુધી મોકલાવી શકે છે.

- સંપાદક

# આપણી હરકતો : જીવનસાથીનો અણગમો

દંપતી વચ્ચે ના સંબંધો (Inter personal Relationship)ને લગતા એક સૅમિનારના સહભાગીઓને મેં એક પ્રશ્ન પૂછ્યો. પ્રશ્ન આમ હતો. "તમારા જીવનસાથીની એવી કઈ ટેવો છે, તે એવી કઈ હરકતો કરે છે જેના પ્રત્યે તમને ચીડ છે અથવા તો જેના થકી તમને ગુસ્સો આવે છે ?

સેમિનારમાં સહભાગી દંપતીઓએ મને જે જવાબો આપ્યા એ ખૂબ જ રસપ્રદ હતા. મોટા ભાગના દંપતીઓએ પોતાના જીવનસાથીની કેટલીક ટેવો કે હરકતો વિષે કહ્યું. એવી ટેવો કે જેના કારણે તેઓને ચીડ ચડે છે, ગુસ્સો આવે છે અને ક્યારેક પોતે કફોડી પરિસ્થિતિમાં મુકાઈ ગયા હોય એવી લાગણી થાય છે.

આ પ્રકારની કેટલીક ટેવો એટલે;

બેઠા બેઠા સતત પગ હલાવવા, નાકમાં ઊંડે સુધી આંગળીઓ નાખીને નાકમાંથી મેલ કાઢવો, નાકના વાળ ખેંચવા અને પછી મોટેથી છીંકો ખાવી, દાંતથી હાથની આંગળીઓના નખ ખોતરવા, કાનમાં આંગળી કે દિવાસળી કે પેન નાખીને કાનમાથી મેલ કાઢવો, સતત કાન ખોતરવા, આંખ ઉપર ફરકતા વાળને સરખા કરવા માટે માથા ને સતત ઝટકા મારવા, કોઈની સામે ટીકી ટીકી ને સતત જોઈ રહેવું, કોઈનું પગથી માથા સુધી નિરીક્ષણ કરવું, કોઈની વાત પૂરી સાંભળ્યા વિના વચ્ચે સતત બોલ્યા કરવું, કોઈની વાતને અધવચ્ચેથી જ કાપી નાખવી, કોઈ પણ ચીજ ખાતી વખતે બચક બચક અવાજ કરવો, ભોજન કરતી વખતે મોટા મોટા બટકા મોમાં મૂકવા, ભોજન કે નાસ્તા ઉપર જંગલીની જેમ તૂટી પડવું, જમ્યા પછી મોટેથી ઓડકાર ખાવા, જમ્યા પછી હાથ ધોઈને સાડીના છેડાથી કે દુપટ્ટાથી હાથ લૂછવા, મુખવાસના મોટા ફાંકડા ભરવા, કોઈના ઘેર મહેમાન બનીને ગયા હોય ત્યારે ખુરશી કે સોફા ઉપર પગ ચડાવીને બેસવું, મોટે-મોટેથી વાતો કરવી, વાત વાતમાં કારણ વિના હસવું, સોગિયું ડાચું રાખીને વાત કરવી, મોઢે હાથ રાખ્યા વિના ખાંસવું, જ્યાં ત્યાં થૂંકવું કે પાનની પિચકારી મારવી, મોબાઈલ ઉપર જાહેરમાં બૂમ બરડા પડી ને વાત કરવી કે ચા પીતી વખતે મોટા અવાજ થાય એમ સબડકા લેવા. આ પ્રકારની બીજી પણ હજારો પ્રકારની જીવનસાથીની ટેવો હોઈ શકે જેના પ્રત્યે વ્યક્તિ ચીડ હોય. આ પ્રકારની



**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani2000@yahoo.co.uk

હરકતોને કારણે વ્યક્તિને માત્ર જીવનસથી પ્રત્યે જ નહીં પણ પોતાના બાળકો, મિત્રો કે કુટુંબીજનો પ્રત્યે પણ ચીડ હોઈ શકે. આ પ્રકારની હરકતો જોઈને વ્યક્તિ ક્યારેક અસ્વસ્થ થઈ જાય છે ને ક્યારેક તો તેને એવો ગુસ્સો આવે છે કે તેને એ જગ્યા છોડી ને દૂર જતા રહેવાની ઈચ્છા થઈ જાય છે. વ્યક્તિને જે પ્રકારની હરકતો કે ટેવો પ્રત્યે ચીડ કે અણગમો હોય તે પ્રકારની હરકતો જીવનસાથી કરે છે ત્યારે વ્યક્તિ તેને ટોકે છે, શિખામણ આપે છે. આવી હરકતો થાય ત્યારે વ્યક્તિ દૂર બેઠી હોય તો હાથ કે આંખના ઈશારા કરીને ટોકે છે ને નજીક બેઠી હોય તો કોણીથી ઠોંસો મારીને કે જીવનસાથીનો પગ દબાવીને પણ ટકોર કરે છે.

વ્યક્તિના બધા જ પ્રયત્નો છતાં ઘણીવાર વ્યક્તિ લાચાર થઈ જાય છે કે હારી જાય છે કારણ કે લાખ પ્રયત્નો કરવા છતાં જીવનસાથીની ટેવ સુધરતી નથી.

હવે પરિસ્થિતિ કંઈક વિચિત્ર સર્જાય છે. જ્યારે જ્યારે આ પ્રકારની ટેવ ધરાવતી વ્યક્તિ પોતાના ઘરમાં, કોઈ મહેમાનોની સાથે અથવા તો કોઈ બીજાને ઘેર બેઠી હોય ત્યારે તેનાં જીવનસાથીનું ધ્યાન સતત એ વ્યક્તિ ઉપર જ કેન્દ્રિત રહે છે. જીવનસાથીને સતત એવો ડર રહે છે કે ટેવ ધરાવતી વ્યક્તિ ક્યારે હરકત કરી બેસે તે કહેવાય નહીં. સૌની વાતચીત દરમ્યાન, ભોજન લેતા હોય ત્યારે, રમત-રમતા હોય કે સૌ સાથે મળી કોઈપણ પ્રવૃતિ કરતા હોય પણ જીવનસાથીના ધ્યાનનું કેન્દ્ર એ વ્યક્તિ જ હોય છે. જે ક્યારે હરકત કરી બેસે ને ક્યારે પોતે ટકોર કરે. હવે જ્યારે એ વ્યક્તિ પોતાની ટેવ પ્રમાણેની હરકત કરે છે ત્યારે ફરી પાછી એ જ ચીડ, એ જ ગુસ્સો ને એ જ ઈશારાથી ટકોર. આવું થાય છે ત્યારે હરકત કરનાર અને ટકોર કરનાર બંનેનો મૂડ ખરાબ થઈ જાય છે. ક્યારેક આ પરિસ્થિતિ દંપતીના ખાનગી ઝઘડામાં અથવા તો ક્યારેક જાહેર ઝઘડામાં પલટાઈ જાય છે.

કોઈપણ વ્યક્તિને એવી ટેવ હોય જે જીવનસાથીને ના ગમતી હોય તો એ ટેવ સતત ટોકવાથી સુધરે ખરી ? કદાચ ના. માણસને સતત ટોકવાથી એ માણસ રીઢો થઈ જાય. જીવનસાથી આપણને અણગમતી હરકત ના કરે તેનું સતત ધ્યાન રાખવાથી કદાચ એવું બને કે તે આપણને ચીડવવા માટે પણ જાણીજોઈને એ પ્રકારની હરકતો કરે. હરકતો કરનાર જીવનસાથીને ઈશારા કરીને કે શબ્દોથી ટકોરવાથી, ખાસ કરીને જાહેરમાં ટકોરવાથી બંનેની છાપ ખરાબ પડે છે અને બંનેની છબી જાહેરમાં ખરડાય છે. વ્યક્તિ ઘણીવાર એવું માનતી હોય છે કે પોતે ઈશારા કરી જીવનસાથીને ટકોર કરે છે એ આસપાસનાં લોકોને ખબર નથી. પણ એવું હંમેશાં નથી બનતું. અન્ય લોકો આપણાં કરતા વધુ ચકોર હોય છે.

જીવનસાથીની ટેવો અને હરકતો ઉપર સતત પ્રહારો કરીએ એટલે તે પણ આપણી ટેવો અને હરકતો શોધવા પ્રયત્ન કરશે. કોઈપણ વ્યક્તિને કંઈક તો કુટેવ હોય જ. તે શોધી કાઢીને પછી તે પણ પ્રહારો શરૂ કરશે. જે આપણને ના ગમે. આમ એકબીજાને રોક-ટોક કરવાનું, એકબીજા ઉપર પ્રહારો કરવાનું વિષચક્ર શરૂ થાય છે જેનો ક્યારેય અંત નથી આવતો. જીવનસાથીને સતત ટોકવાથી, તેની હરકતો ઉપર જાહેરમાં પ્રહારો કરવાથી તેનું સ્વમાન ઘવાય છે. પરિણામે બંને વચ્ચે અણબનાવ અને ઝઘડાઓ શરૂ થાય છે. કોઈપણ વ્યક્તિની ને તેમાંય ખાસ કરીને જીવનસાથીની કુટેવો સુધારવી હોય, આપણને અણગમતી તેની હરકતો બંધ કરવી હોય તે એ ટેવ પડવાનાં કારણો શોધવાં પડે. શક્ય છે એ ટેવ પાછળ કોઈ છૂપી બીમારી હોય, શક્ય છે એ હરકતો અજાણતા જ થઈ જતી હોય અથવાતો હરકતો ઉપર કાબૂ રાખવાનો પ્રયત્ન કરવા છતાં પણ થઈ જતી હોય. જે કઈ કારણ હોય, તેનાં મૂળમાં જઈ તેનો ઈલાજ શોધીએ તો સહેલાઈથી અને ઝડપથી સમસ્યાઓનો ઉકેલ મળી શકે. આ પ્રકારની સમસ્યાનો ઉકેલ જીદ નથી, રોક-ટોક નથી સતત ધ્યાન રાખવાનો નથી, પ્રહારો નથી પણ ધીરજ રાખીને, સમજાવટથી સમસ્યાના મૂળમાં જઈને જ ઉકેલ શોધવો રહ્યો, તેમાં જ દંપતીનું હિત છે.

# ધોરણ-૧૦ની પુરક પરીક્ષા ૮ જુલાઈથી લેવાનો નિર્ણય

**એક-બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓને તક : ૯૦૪૧ વિદ્યાર્થી એક વિષયમાં અને ૪૯૯૨૩ વિદ્યાર્થી બે વિષયમાં નાપાસ થયા : વર્ષ ન બગડે તે માટે આયોજન**

અમદાવાદ, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે જેમાં પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પૈકી ૫૨૭૧૧૩ વિદ્યાર્થીઓ જે નિયમિત હતા તે પાસ થયા છે. નિયમિત ઉમેદવારોના પરિણામની ટકાવારી ૬૭.૦૬ ટકા રહી છે. આવી જ રીતે એક વિષયમાં સુધારણાને અવકાશ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૦૪૧ અને બે વિષયમાં સુધારણાને અવકાશ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા ૪૯૯૨૩ નોંધાઈ છે. પરીક્ષામાં એક અથવા બે વિષયમાં સુધારણાને અવકાશ રહેલા વિદ્યાર્થીઓની શાળાવાર યાદીઓ બે નકલમાં તૈયાર કરી જે તે શાળાને માર્ચ ૨૦૧૬ના પરિણામ સાથે મોકલી દેવામાં આવી છે. માર્ચ ૨૦૧૬ની પરીક્ષામાં સુધારણાને અવકાશ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા જુલાઈ ૨૦૧૬માં યોજાશે. એક અથવા બે વિષયમાં સુધારણાને અવકાશ ધરાવતા વિદ્યાર્થીઓ અથવા તો એક અથવા બે વિષયની પરીક્ષા આપવા ઈચ્છુક વિદ્યાર્થીઓ જુલાઈ ૨૦૧૬માં પુરક પરીક્ષા આપી શકે છે. આ વિદ્યાર્થીઓને વિગતો ભરીને જરૂરી ફીના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે માહિતી આપવી પડશે. એક વિષય માટે આવા ઉમેદવારની ફી ૧૦૦ રૂપિયા અને બે વિષય માટે ફી ૧૪૦ રૂપિયા રહેશે. આ વર્ષે ફીના નવા ધારાધોરણો અમલી કરવામાં આવ્યા છે. પુરક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે જે પૈકી ૮મી જુલાઈના દિવસે પ્રથમ ભાષા ગુજરાતીની પરીક્ષા યોજાશે.

જ્યારે આજ દિવસે વિજ્ઞાન અને ટેકનોલોજીનો પરીક્ષા પણ થશે. ૯મી તારીખે સામાજિક વિજ્ઞાન, દ્વિતીય ભાષા, ૧૦મી જુલાઈના દિવસે ગણિત અને ૧૧મી જુલાઈના દિવસે અંગ્રેજી દ્વિતીય ભાષાની પરીક્ષા લેવાશે. તમામ વિષયોની પરીક્ષા બે ભાગમાં લેવામાં આવશે. પ્રથમ ભાગમાં પ્રશ્નપત્ર પાર્ટ એ બહુવિકલ્પ પ્રકારના ૫૦ પ્રશ્નો હશે જેમાં કુલ ૫૦ માર્ક રહેશે. તેનો સમયગાળો ૬૦ મિનિટનો રહેશે. બીજા ભાગમાં વર્ણનાત્મક, ટુંકા જવાબી, લાંબા અને નિબંધ પ્રકારના પ્રશ્નો રહેશે.

## ગુણ ચકાસણી અરજી સાતમી જૂન સુધી થશે

અમદાવાદ, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે જેમાં પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પૈકી ૫૨૭૧૧૩ વિદ્યાર્થીઓ જે નિયમિત હતા તે પાસ થયા છે.

પરિણામથી અસંતુષ્ટ રહેલા અથવા તો નિરાશ થયેલા વિદ્યાર્થી ગુણ ચકાસણીની અરજી કરી શકે છે. જેના ભાગરુપે અરજી કરવાની હોય છે. ચાલુ વર્ષથી ગુણ ચકાસણીની અરજીઓ સ્વીકારવાની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

હવે ગુણ ચકાસણીની અરજીઓ માત્ર ઓનલાઈન માધ્યમથી જ મોકલવી પડે છે. રૂબરૂ અથવા તો ટપાલથી અરજી કરવાની હોતી નથી. ગુણ ચકાસણીની ફી પ્રત્યેક વિષયના ૧૦૦ રૂપિયા નક્કી કરાયેલા હોય છે.

# ભારત વિકાસ પરિષદના નવા વર્ષના હોદ્દેદારો વરાયા

ગાંધીનગર, તા. ૨૪

ભારત વિકાસ પરિષદ દ્વારા તાજેતરમાં હૉટલ ઘૂંઘટ ખાતે વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નવા વર્ષની કારોબારીની રચના કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત પ્રાંતના અધ્યક્ષ અશોકભાઈ કુલકર્ણી તેમજ વિભાગીય મંત્રી ફાલ્ગુનભાઈ વોરા સહિત મોટી સંખ્યામાં પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ સાધારણ સભામાં સંસ્થાના નવા વર્ષના પ્રમુખ તરીકે ચંદ્રકાન્ત રાવલ, ઉપપ્રમુખ મુકેશભાઈ રાવલ, મણિબેન દેસાઈ, મંત્રી દિપકભાઈ પટેલ, સહમંત્રી વિપીનભાઈ પંડ્યા, હિના દવે, ખજાનચી નીતિનભાઈ પટેલ, મહિલા સંયોજક જિજ્ઞાસા રાવલ, હિનાબેન રાવલ, માર્ગદર્શક મેહુલભાઈ દોશી તથા કારોબારી સભ્ય તરીકે રામકિશોર પસારી, તરૂણભાઈ ઠક્કર, ભૂષણભાઈ પંડ્યા, વિરેન્દ્રભાઈ શાહ, પ્રદિપભાઈ શાહ, મધુસૂદનભાઈ જોષી, મિતુલભાઈ પટેલ અને દિનેશભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી.